# 22nd Meeting of the Working Mechanism for Consultation & Coordination on India-China Border Affairs

June 25, 2021

# ભારત-ચીન સરહદી બાબતે વાતચીત અને સંકલન અંગે વર્કિંગ મિકેનિઝમની 22મી બેઠક

જૂન 25, 2021

1. ભારત-ચીન સરહદી બાબતો અંગે વાતચીત અને સંકલનના વર્કિંગ મિકેનિઝમ (ડબલ્યુએમસીસી)ની 22મી બેઠક 25 જૂન 2021ના રોજ યોજાઈ હતી. ભારતીય પ્રતિનિધિમંડળનું નેતૃત્વ વિદેશ મંત્રાલયના અધિક સચિવ (પૂર્વ એશિયા) દ્વારા કરવામાં આવ્યું હતું. ચીનના પ્રતિનિધિમંડળનું નેતૃત્વ ચીનના વિદેશ મંત્રાલયના ડિરેક્ટર જનરલ ઓફ બાઉન્ડ્રી એન્ડ ઓશનિક ડિપાર્ટમેન્ટ દ્વારા કરવામાં આવ્યું હતું.

2. બંને પક્ષોએ ભારત-ચીન સરહદી વિસ્તારમાં વેસ્ટર્ન સેક્ટરમાં વાસ્તવિક નિયંત્રણરેખા (એલએસી) પરની પરિસ્થિતિ અંગે મુક્ત રીતે વિચારોનું આદાનપ્રદાન કર્યું હતું. બંને પક્ષો સપ્ટેમ્બર 2020માં બંને દેશના વિદેશમંત્રીઓ વચ્ચે થયેલા કરારને ધ્યાનમાં રાખીને પૂર્વ લડાખમાં એલએસી પર બાકીના મુદ્દાઓનો વહેલી તકે ઉકેલ લાવવા માટે સહમત થયા હતા. આ અંગે બંને પક્ષ રાજદ્વારી અને સૈન્ય મિકેનિઝમથી વાતચીત અને સંવાદ જાળવી રાખવા માટે સહમત થયા હતા જેથી તમામ ઘર્ષણના મુદ્દે સંપૂર્ણપણે પાછળ ખસી જવા માટે પરસ્પર સ્વીકાર્ય ઉકેલ મેળવી શકાય અને શાંતિ સ્થપાય તથા દ્વિપક્ષીય સંબંધોને આગળ વધારી શકાય. તેઓ એ બાબતે પણ સહમત થયા હતા કે વચગાળામાં બંને પક્ષ જમીન પર સ્થિરતા જાળવી રાખશે અને કોઇ અનિચ્છનિય ઘટના ન બને તેની કાળજી રાખશે.

3. બંને પક્ષ સિનિયર કમાન્ડર્સ બેઠકનો આગામી (12મો) રાઉન્ડ વહેલી તકે યોજવા માટે સહમત થયા હતા જેથી હાલના દ્વિપક્ષીય સહકાર અને પ્રોટોકોલ પ્રમાણે વેસ્ટર્ન સેક્ટરમાં એલએસી પર તમામ ઘર્ષણના સ્થળેથી સંપૂર્ણપણે પાછળ ખસી જવાના હેતુને સિદ્ધ કરી શકાય.

**નવી દિલ્હી**
**જૂન 25, 2021**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.